# વેસ્ટ ટાર્નેઇટ સ્ટેશન

## અમે પશ્ચિમના વધતા ઉપનગરોને મેલબોર્નના સીબીડીથી વધુ સારી રીતે જોડવા માટે વેસ્ટ ટાર્નેઇટ સ્ટેશન બનાવી રહ્યા છીએ.

વી/લાઇન નેટવર્કની જીલોંગ લાઇન પરનું આ મહત્વપૂર્ણ નવું જાહેર પરિવહન જોડાણ લીક્સ અને ડેવિસ રસ્તાઓ જ્યાં ભેગા થાય છે તેની નજીક સ્થિત હશે.

આ યોજનાઓ એ ખાતરી કરે છે કે ભવિષ્યના રેલવે માળખાનો વિકાસ અને રેલવે લાઇનની બંને બાજુ અપેક્ષિત વૃદ્ધિ અને આયોજિત શહેરી વિકાસ માટે આ વિસ્તારમાં પૂરતી જગ્યા છે.

નવા સ્ટેશનમાં બસ બદલવાનાં ચાર વિસ્તારો, ૪૦૦ પ્રવાસીઓ માટે પાર્કિંગ અને સુલભ રાહદારી અંડરપાસનો સમાવેશ થશે.

સ્ટેશન ડિઝાઇનમાં કુદરતીસ્વરૂપમાં બગીચો, બેઠક, ચાલવા અને સાઇકલ માટે જુદા રસ્તા, સાઇકલો મુકવાની જગ્યા અને સુરક્ષિત બાઇક સ્ટોરેજ સાથે આવકારદાયક અને સારી રીતે પ્રકાશિત વિસ્તાર છે.

> **મુખ્ય બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે અને નવું સ્ટેશન ૨૦૨૬ માં સમુદાય માટે ખુલશે**

### નક્કી થયેલ ડિઝાઇન જુઓ અને માહિતી સત્ર માટે નોંધણી કરો

સમુદાય પ્રતિસાદની સમીક્ષા કર્યા પછી અને વધુ તકનીકી મૂલ્યાંકન કર્યા પછી અમે પ્રોજેક્ટ ડિઝાઇનને કેવી રીતે અદ્યતન કરી છે તે વિશે જાણો.

તમે નવા વેસ્ટ ટાર્નેઇટ સ્ટેશન વિશે પ્રશ્નો પણ પૂછી શકો છો અને આગામી સમુદાય માહિતી સત્રો વિશે વધુ જાણકારી મેળવવા અમારા ઑનલાઇન હબ પર વાતચીતમાં સામેલ થઇ શકો છો.

વધુ માહિતી માટે ક્યુઆર કોડ સ્કેન કરો અથવા **engage.vic.gov.au/west-tarneit-station** પર જાઓ.



*સ્ટેશન પ્રવેશનું દૃશ્ય, ઉત્તરપશ્ચિમ તરફ જોતાં. પરિપક્વ વૃક્ષો અને છોડ દર્શાવવામાં આવ્યા છે. ફક્ત કલાકારની છાપ, ફેરફારને આધીન.*

# પ્રોજેક્ટના મુખ્ય લાભો

નવા વેસ્ટ ટાર્નેઇટ સ્ટેશનની ડિઝાઇન અને રૂપરેખા દ્વારા અનેક પ્રકારના ફાયદા મળશે.

- સ્થાનિક રહેવાસીઓ **સુલભ, આધુનિક અને આવકારદાયક સ્ટેશન** વિસ્તારનો અનુભવ કરશે
- **બાગબગીચાવાળા સ્ટેશન પ્રાંગણમાં** સ્થાનિક વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિની ઉજવણી, જેમાં બેઠક અને પીવાના પાણીના ફુવારાની સુવિધા ધરાવતી ભેગી થવાની જગ્યાઓ છે
- ટાર્નેઇટ અને મેલબોર્નના બાહ્ય પશ્ચિમની વધતી જતી વસ્તી માટે જાહેર **પરિવહનની વધુ સુલભતા**
- **હાલના અને ભાવિ સ્થાનિક માર્ગોને સાથે જોડાવા માટે રચાયેલ,** પ્રાંગણમાં ચાલવાના અને સાઇકલ ચલાવવાના અલગ માર્ગો
- **સ્થાનિક સમુદાય માટે કેન્દ્રીકૃત બસ સેવાઓ**, સ્ટેશન પર જ બસ બદલવાની નવી વ્યવસ્થા સાથે
- **પ્લેટફોર્મ પર જવા માટે ઢાળ અને અનુકૂળ સ્થાનો પર** બેસવાની વ્યવસ્થા **સાથે રેલવે લાઇનની નીચે સારી રીતે પ્રકાશિત, સુલભ રાહદારી અંડરપાસ**.



*સ્ટેશનનું હવાઈ દૃશ્ય. ફક્ત કલાકારની છાપ, ફેરફારને આધીન.*

## બાંધકામ વિશે અદ્યતન માહિતી

સાઇટની સ્થાપના જુલાઈ ૨૦૨૫માં થઈ હતી. અમે કામચલાઉ સાઇટ ઍક્સેસ રસ્તાઓ બનાવ્યા છે અને સાઇટ કચેરીઓ, કામદારો માટેનું પાર્કિંગ અને સ્ટોરેજ વિસ્તારો સ્થાપિત કર્યા છે. તમે કોટઝ્લો બુલેવાર્ડ અને લીક્સ રોડની આસપાસ ટ્રાફિક હલનચલનમાં ફેરફારો પણ જોશો.

મોટું બાંધકામ ટૂંક સમયમાં શરૂ થશે. અમે ઘોંઘાટ, ધૂળ અને કંપન જેવી બાંધકામની અસરો ઘટાડવા માટે દરેક પ્રયત્નો કરીશું.

મુખ્ય બાંધકામ પ્રવૃત્તિઓમાં પશ્ચિમ ટાર્નેઇટ સ્ટેશન બનાવવા માટે મોટા કામો, જેમ કે ખોદકામ અને માળખાકીય કામોનો સમાવેશ થશે.

અમે સમુદાયને તમારી મુસાફરી કરવાના માર્ગમાં કોઈપણ ફેરફારો અથવા વિક્ષેપો તેમજ પ્રોજેક્ટને લગતાં મુખ્ય સીમાચિહ્નો વિશે માહિતગાર રાખીશું.

**જ્યારે ૨૦૨૬માં મુખ્ય બાંધકામ સમાપ્ત થશે, ત્યારે સમુદાયના ઉપયોગ માટે સ્ટેશન ખુલશે.**

**લેવલ ક્રોસિંગ રિમૂવલ પ્રોજેક્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે**

**levelcrossings.vic.gov.au**

contact@levelcrossings.vic.gov.au

અંગ્રેજી સિવાયની ભાષાઓ માટે, કૃપા કરીને ફોન કરો ૯૨૦૯ ૦૧૪૭

૧૮૦૦ ૧૦૫ ૧૦૫ (ગમે ત્યારે ફોન કરો)

જો તમે સુલભ શૈલીમાં આ માહિતી મેળવવા માંગતા હો તો કૃપા કરીને અમારો સંપર્ક કરો. જો તમને સાંભળવાની અથવા વાણીની ક્ષતિને કારણે સહાયની જરૂર હોય, તો મુલાકાત લો **relayservice.gov.au**

ડબલ્યુપીએ 12047